## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

તમે મન ભરીને પલળવાનું ધારો,
ને વરસાદ ના પણ પડે એકધારો.
હું મારા જ ઘરમાં રહેતો નથી તો,
કહું આપને શી રીતે કે પધારો?
હિસાબો મળે નહીં જે કોઈ સ્મરણનાં,
તમે એને મારા જ ખાતે ઉધારો.

● ભાવિન ગોપાણી

### પાથેય

- રમેશ ઠક્કર

## સ્મરણોની ખાતાવહી

વ્યથા એ જ કયારેક આપોઆપ કથા બની જાય છે.આપણે ધારીએ શું અને નિયતિમાં નિવડે શું એનો કોઈ અંદાજ નથી હોતો.આપણી આશાઓની વણઝાર સતત ચાલતી રહે છે..કાશીએ જવા ચરણ થનગનતું હોય પરંતુ ચાલવાનું શરૂ કરીએ ત્યાં જ પગમાં પડેલી કપાસી અડચણ બનીને ઉભી રહે! કહેવાય છે ને મનોરથ માધાતાનાં અને કરમ કઠિયારાનાં..ચોમાસું સામે જ ઉભું હોય..ઘનઘોર ઘટા છવાયેલી હોય..નક્કી જ હોય કે હવે ધોધમાર વરસાદ પડશે જ..કોઈકને થાય કે આજે તો વરસતા વરસાદમાં મજા કરવી છે..અને તૈયારી સાથે એ જયાં બહાર નિકળે ત્યાં થોડીવારમાં જ આકાશ ખુલ્લું થઈ જાય એવું પણ બને..આસ્થાનું આવું ભ્રમનિરસન માણસને અકળાવતું હોય છે પણ એ જ જીવનનો અનિવાર્ય સાર પણ છે.

કલ્પનાઓ પણ કેવી મજાની હોય છે..આપણે પોતાને જ કોઈ રહેવાનું ઠેકાણું ના હોય અને આપણી પાસેથી કોઈ આવકારની અપેક્ષા રાખે ! એક અદ્ભુત ફિલોસોફી બે પંકિતઓમાં કવિ વ્યક્ત કરે છે..! સ્થુળ લાગતી આ બાબતને એમ પણ કહી શકાય કે જે જીવન આપણને મળ્યું છે એ આપણું છે? આપણે જેને વ્હાલ કરીએ છીએ એ આપણું શરીર શું આપણું છે ? માણસ માટે કોઈકે રાખનાં રમકડાં એવી ઉપમા આપી છે..ખરેખર જે આપણું છે જ નહીં એના વતી હવાલો લઈ મોહ માયા કે સાંસારિક પ્રલોભનોને આવકારવાનો આપણો અભિગમ કેટલો યોગ્ય ગણાય ? આટલું જો સમજી જવાય તો જિંદગી જીવવાની જડીબુટ્ટી મળી જતી હોય છે.."ઓ હદય તેં પણ ભલા કેવો સતાવ્યો છે મને, જે નથી મારાં કદી એનો બનાવ્યો છે મને !" આવો વસવસો લઈને જીવવાનો કોઈ અર્થ ખરો ?

જીવવાની લાલચમાં આપણે એક માલિકીભાવના મોહપાશમાં જકડાતા રહીએ છીએ..સંબંધોનું એક ત્રાજવું હોય છે જે દરેક માણસ લઈને ફરતો હોય છે..એના હિસાબકિતાબ હોય છે..અનેશા બધું હોય એટલે એમાં ગણતરી અને નફો ખોટ પણ હોય જ..આખરે માણસ કેટલું યાદ રાખે ? અને જે કંઈ યાદ રાખે એની સામે જે મળે એ જોઈ સતત દુઃખી થતો રહે એવું જગતનું વલણ હોય છે. આ સંજોગોમાં કોઈક ખુમારી કે જીવન જેવું છે એવું જ સહજ રીતે સ્વીકારી લેવાનો અભિગમ જ સાચો હોઈ શકે..આપણે જેને જતું કરવાની ભાવના કહીએ છીએ એ જ વાત આનો સાર છે.સ્મરણોનો હિસાબ ના મળે તો એનો હવાલો પોતાના ખાતામાં નાખી આગળ વધવાની વાત એક કવિ કે કલાકાર જ કરી શકે..સતત કોઈકની ઉપરનો માલિકીભાવ કે અન્ય માટેની અપેક્ષાઓ હંમેશાં પોકળ સાબિત થતી રહે છે..જે મળ્યું એ પૂરતું જેટલું મળ્યું એ આપણું..જે નથી મળ્યું એ આપણું નહી હોય જે છટકી ગયું એ સારા માટે અને જેનો કોઈ છેડો કે તર્ક જ નથી મળતો એવી સંબંધોની આંટીઘૂંટી સામે એને જેમ છે એમ સ્વીકારી લેવાની કળા હસ્તગત કરવા જેવી છે...

# ભાજપ સામેનો શિવસેનાનો રોષ ભભૂકશે

### તંત્રીસ્થાનેથી...

મહારાષ્ટ્રની પરિસ્થિતિ વિશે કલ્પના કરવી મુશ્કેલ છે. શિવસેના લડાયક સંગઠન છે અને જયારે એમાં જ સત્તાની સાઠમારી સરજાય ત્યારે મુંબઈ સહિત આખું મહારાષ્ટ્ર યુદ્ધના મેદાનમાં ફેરવાઈ શકે છે. બાળાસાહેબ ઠાકરેએ જરૂર પડે ત્યાં હિંસાત્મક કાર્યવાહીને પ્રોત્સાહન આપી રાષ્ટ્રીય શાસક પાર્ટીને પણ સાનમાં કરી હોવાના અનેક દાખલા ટાંકી શકાય એમ છે. સંજય રાઊત 'સામના'માં બાળાસાહેબ ઠાકરેની જ રાજકીય શૈલીને જીવંત રાખવા પ્રયત્નશીલ રહે છે. ઉદ્ધવ ઠાકરેને બાળાસાહેબ જાતે જ પોતાના રાજકીય વારસ જાહેર કર્યા ત્યારે એમની સરખામણીમાં વધુ દેખાવડા, ચબરાક, આક્રમક અને મહત્વાકાંક્ષી રાજ ઠાકરેને નીચી મૂંડીએ શિવસેના છોડી દઈ 'મનસે' જેવું નવું લડાયક સંગઠન ઊભું કરવું પડ્યું હતું. તેઓ હિંદુત્વ જેવા સંવેદનશીલ મુદ્દે વારંવાર ઉધ્ધવ ઠાકરેને પડાકરતા રહ્યા છે. છેલ્લે મસ્જિદો અને દરગાહો પરથી અજાન પ્રસારિત કરતાં ભૂંગળાં ઉતરાવીને જંપ્યાં હતા. એમ છતાં શિવ સૈનિકો તરીકે ઓળખાતા પાર્ટીના કાર્યકરોએ તો ઉદ્ધવ અને માતોશ્રી પ્રત્યેની વફાદારી જાળવવાનું જ પસંદ કર્યું હતું. ઉદ્ધવ ઠાકરેના આદેઓશને જ શિવસૈનિકો હજી એમના આરાધ્ય બાળાસાહેબનો મેસેજ માની તેનો તાબડતોબ અમલ કરવા રસ્તા પર ઊતરી પડે છે. અત્યારે જે વિકટ આંતરિક જૂથબંધી ઊભી થઈ છે એ સામાન્ય શિવસૈનિક માટે અકળાવનારી છે. જો કે એકનાથ શિંદેની રજૂઆત - હિંદુત્વ મુદ્દે અગાઉની જેમ ભાજપ સાથે મળીને સરકાર રચવાની વાત શિવસૈનિકોને પણ ગળે તો ઊતરતી જ હોય, છતાં ઉદ્ધવ એ બાળાસાહેબનું બાળ છે અને એને ગાદી પરથી ઉઠાડી મૂકવા ભાજપ પ્રેરિત શિંદે જૂથની બળવાખોરી શિવસૈનિકોને ગમી નથી. એથી ઉદ્ધવે 'વર્ષા' વૅકેટ કર્યું અને મુખ્યમંત્રી પદથી લઈ પાર્ટી સુદ્ધાં શિવસેના અખંડ રહે એ માટે છોડી દેવાની ઓફર કરી એથી શિવસૈનિકોમાં એમના પ્રત્યે સહાનુભૂતિ ઊભી થાય એ સ્વાભાવિક છે. શિંદેએ બહુ જ આયોજનપૂર્વક બળવો કર્યો છે. શિંદેએ મહાવિકાસ અઘાડીને અજગર સાથે સરખાવી શિવસૈનિકોને પોતાની સાથે રહી હિંદુત્વના મુદ્દાને ઉજાગર કરવા અપીલ કરી છે. એમને બહુમતી ધારાસભ્યોનું સમર્થન હોઈ ધારાસભ્ય તરીકે ગેરલાયક ઠેરવતી પક્ષપલટાવાળી કલમ પણ નડી શકે એમે નથી. મોડે મોડે ઉદ્ધવ ઠાકરે એક્શન મોડમાં આવ્યા છે અને સોળ ધારાસભ્યોની પાર્ટીમાંથી અને ધારાસભ્ય પદેથી હકાલપટ્ટી કરી શક્યા છે. ડેપ્યુટી સ્પીકર એમના માણસ હોઈ એ શક્ય બન્યું છે. છતાં ફલોર ટેસ્ટ વખતે કદાચ અદાલત એ ચૂંટાયેલા ધારાસભ્યોને એમના સસ્પેન્શનનો આદેશ પાછો ખેંચી મતદાનનો અધિકાર આપે તો ઠાકરે માટે બહુમતી સિદ્ધ કરવાનું ઘણું અઘરું બળકે અશક્ય જ છે. આથી રાજનીતિના અઠંગ ખેલાડી અને મહા વિકાસ અઘાડીના સ્વપ્નદ્દષ્ટા શરદ પવારે તો શરૂથી જ ઉદ્ધવને રાજીનામું આપી દઈ શિંદેને મુખ્યમંત્રી બનાવી દેવાની શાણી સલાહ આપી હતી. હવે જયારે શિંદે અલગ જૂથ અને તે પણ બાળાસાહેબના નામ વાળું બનાવીને ભાજપને સાથે સત્તાની વહેંચણીનો મુસદ્દો તૈયાર કરવા મધરાતે ગુવાહાટીથી વડોદરા પહોંચી મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસને મળીને પાછા ગુવાહાટી પહોંચી ગયા છે ત્યારે એમનું શિવસેનામાં પરત ફરવું અશક્યવત જ છે. સંજત રાઊતે કરેલા નિવેદનની જ રાહ જોઈ રહ્યા હોય એમ શિવસૈનિકો 'ગદ્દાર' શિંદે અને એમના જૂથના ધારાસભ્યો ઉપરાંત શિંદેના સાંસદ પુત્રની ઓફિસ અને ઘર પર હિંસક તોડફોડ કરવા લાગ્યા છે. સંજય રાઊત આને તો ટ્રેલર પણ નથી માનતા. એમની અપેક્ષા તો આખું મહારાષ્ટ્ર સળગાવવાની લાગે છે. પૂરી સંભાવના છે કે મહારાષ્ટ્રમાં આ મુદ્દે કેન્દ્ર રાષ્ટ્રપતિ શાસન મૂકી દે. આસામના મુખ્યમંત્રી ભલે કહેતા ફરે કે મહારાષ્ટ્રના મહેમાનો મોજ મજા કરવા આવ્યા છે અને આસામ સરકાર કે ભાજપ એમનો ખર્ચ ઉઠાવતી નથી, પરંતુ ભાજપની કૂટનીતિ મુજબ બધું જ - સામ, દામ, દંડ, ભેદ ચાલી રહ્યું છે એ વિશે દૂધ પીતા મરાઠી બાળકને પણ ભાગ્યે જ શંકા હશે.

# કોમી હિંસા અથવા સામાજીક અરાજકતા સર્જનારની સરકાર ધરપકડ કરી શકે છે

### આઈપીસી ધારા ૧૫૩ અને ૫૦૫ મુજબ પોલીસ ધરપકડ કરી શકશે : અભિવ્યક્તિની સ્વતંત્રતા છતા પણ ધરપકડ શક્ય : આઈટી એક્ટની કલમ-૬૬(એ) રદ




ભારતની સર્વોચ્ચ અદાલતે આઈટી એકટની કલમ-૬૬(એ) બંધારણની વાણી સ્વતંત્રતાનો ભંગ કરતી હોવાથી માહિતી મેળવવાના જનતાના અધિકાર ઉપર કલમ ૬૬-(એ) તરાપ સમાન ગણાવી વાણી સ્વતંત્રતાની કલમ-૧૯(૧)(એ) નું ઉલ્લંઘન કરનાર ગણાવી રદબાતલ કરતા અભિવ્યક્તિની સ્વતંત્રતા મળે છે, તેમ છતાં આ કલમનો દૂર ઉપયોગ કરી વાણી સ્વતંત્રતાનો અર્થ ગાળાગાળી કરે બિભત્સ લખાણ લખી કે દ્રશ્ય, શ્રાવ્ય સાધનો દ્વારા પ્રચાર પ્રસાર કરવામાં આવે તો આઈ.પી.સી.ની કલમ-૧૫૬ તથા ૫૦૫ મુજબ પોલીસ આવો ગુન્હો કરનારની ધરપકડ કરી શકે છે, તેમજ કોર્ટ સજા અને દંડ બન્ને ફરમાવી શકે છે.

કોમી હિંસા અથવા સામાજીક અરાજકતા સર્જનાર માહિતી માટે સરકાર વેબસાઈટ પણ બ્લોક કરી શકે છે. ભારતના વિદેશો સાથેના સંબંધો પર અસર પાડે તો તેવા કિસ્સામાં પણ ધરપકડ કરી શકાશે. એક વ્યકિત માટે ઉષ્કેરણી જનક બાબત અન્ય માટે ના પણ હોઈ શકે તે માટે કઈ બાબત ઉષ્કેરણી જનક છે, તે પોલીસ કેવી રીતે નક્કી કરે તે પ્રશ્ન છે. ઓનલાઈન પોસ્ટ કરતી સામગ્રી માટે સરકારને વેબસાઈટ બ્લોક કરવાની પરવાનગી અદાલતે આપેલ છે.

છેલ્લા કેટલાક સમયથી સોશ્યલ મીડીયા તથા ઈન્ટરનેટ વપરાશ કર્તા સરકાર માટે ખલનાયક બનેલા કોઈપણ રાષ્ટ્રીય મુદ્દાને અભિવ્યકત કરતા સમયે અપમાન જનક ટીપ્પણી, અભદ્ર ભાષાનો ઉપયોગ દ્રશ્ય, શ્રાવ્ય માધ્યમ દ્વારા સહજતાથી કરવામાં આવતો હતો. જે અંગે આઈટી એકટની કલમ-૬૬(એ) વિઘ્ન સમાન હતી, જે રદ કરતા સુપ્રિમ કોર્ટના ન્યાયમૂર્તિ જે. ચેલેશ્વર અને આર. એફ. નરીમાનની બેન્ચે જણાવેલ કે, આઈટી એકટની કલમ-૬૬(એ) દ્વારા માહિતી મેળવવાના જનતાના બંધારણીય અધિકારનું સીધે સીધું ઉલ્લંઘન આ કલમથી થતું હતું. ભારતીય બંધારણમાં અપાયેલ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર આ કલમથી ભંગ થતો હતો કલમ-૬૬(એ) નો કોઈ ભંગ નહિ થાય તેવા સરકારી વચનો ઉપર સુપ્રિમ કોર્ટ વિશ્વાસ રાખી શકે નહિ તેમ છતાં આવો ઔચિત્ય ભંગ થતો હોય તો આઈ.પી.સી.ની કલમ-૧૫૩ તથા ૫૦૫ અમલમાં છે, જે દ્વારા પોલીસ ગુન્હેગારને પકડી શકે છે. જેમાં ત્રણ વર્ષ સુધીની કેદની જોગવાઈ છે, જે કોર્ટે નોંધે કે, કલમ-૬૬(એ) denger test અને public disorder test નિષ્ફળ ગયેલ છે તેથી તે ગેરબંધારણીય છે. આ કલમ ઉષ્કેરણી જનકની સ્પષ્ટ વ્યાખ્યા કરી શકતી નથી. તેથી તેનો દૂર ઉપયોગ નહિ થાય તેવા સરકારી વચનોનો કોર્ટને વિશ્વાસ નથી જેથી કાયદાની યોગ્યતા અને તેના ગુણો ઉપર જ કલમ-૬૬(એ)ની વ્યાખ્યા થઈ શકે.

અદાલતે જણાવેલ કે કોઈ પણ બાબતની ચર્ચા, તરફેણ અને ઉષ્કેરણી જનક બાબતો વચ્ચે ઘણો મોટો તફાવત છે. ત્રણેયને એક જ વ્યાખ્યામાં ગણી શકાય નહિ. ચર્ચા અને તરફેણ કેટલીક વ્યકિતને પસંદ ના આવી શકે જેથી વ્યકિતનો વાણી સ્વતંત્રતાનો હક્ક મારી શકાય નહિ.

વાણી સ્વાતંત્રતાનો અર્થ ગાળાગાળી કે બિભત્સ ભાષાનો પ્રયોગ કે લખાણોનો થતો નથી તે માટે અલગથી આઈ.પી.સી. માં જોગવાઈ છે. કલમ-૬૬(એ) થી પોલીસને ઘણી જ અમર્યાદિત સત્તા મળતી હતી અને પોલીસ દ્વારા કાયદાનો દૂર ઉપયોગ થતો હતો. કલમ-૬૬ ના પીડીતો ભારતમાં ઘણા બધા છે. સુ.શ્રી મમતા બેનરજીનું કાર્ટુન ઈન્ટરનેટ ઉપર પોસ્ટ કરવાના ગુન્હામાં મહાપાત્રની ધરપકડ વખતે પોલીસ વગોવાઈ હતી તે જ રીતે ચિંદમ્બરના પુત્ર કાર્તિક સામે વાંધાજનક મેસેજ ટ્વીટ કરવા માટે ધરપકડ સમયે પોલીસની કામગીરી શંકાસ્પદ રહેલ. શ્રી બાલ ઠાકરેના નિધન બાદ મુંબઈ બંધને વખોડી કાઢનારની ધરપકડનો મુદ્દો પણ ચર્ચામાં રહેવા પામેલ જેના ભોગ બનનારને આ કલમ દૂર થતા બે વર્ષ બાદ ન્યાય મળ્યો છે.

આઈટી એકટની કલમ ૬૬-(એ)નો રાજકીય વેર વાળવાના કામમાં જ અત્યાર સુધી ઉપયોગ થતો હતો જેમાં હવે રોક લાગશે. કલમ-૬૬(એ) મુજબ કોઈપણ

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

● બંકિમચંદ્ર ચટોપાધ્યાયની જન્મ જયંતિ, ભારતીય પત્રકાર, લેખક અને કવિ

### આજનું ઔષધ

● કારેલીના પાનનો રસ હળદર મેળવીને પીવાથી શીતળાના રોગમાં ફાયદો થાય છે

### ખડખડાટ

● વરસાદનું બીલ કોનું બાકી છે જલ્દી ભરી દો એટલે વરસાદ આવે જેને ભરી દીધું તેને ત્યાં વરસાદ આઈ ગયો....

### આજનું વોટ્સએપ

● જીવતા માં-બાપને સ્નેહથી સાંભળશો, ગુમાવ્યા પછી ગીતાજી સાંભળવાનો શું અર્થ...? સાથે બેસી જમવાની ઈચ્છા એમની, પ્રેમથી પુરી કરો.. પછી આખા ગામને લાડવા જમાડવાનો શું અર્થ...?

# ખરા અર્થમાં સ્ત્રીઓને થતો અન્યાય હજુ સુધી આપણે પુરેપુરો અટકાવી શક્યા નથી




જૂન મહિનાનો આરંભ થતાં જ વાતાવરણમાં ફેરફાર જણાવાની શરુઆત થઈ જાય છે. કાળઝાળ ગરમીનું સ્થાન હવે અસહ્ય ઉકળાટ અને બફારાએ લઈ લીધું હોય છે. સ્કૂલ-કૉલેજોના નવા સત્રનો પણ આરંભ થઈ જાય છે. શાળાઓના શરુ થવાની આ ઘટના પર આ દિવસોમાં વોટ્સએપ પર એક સરસ મેસેજ ફરતો થઈ ગયો છે કે, શાળાઓ શરુ થઈ ગઈ અને બગીચાના પુષ્પો ફરી એકવાર બુકેમાં ગોઠવાઈ ગયા. વાત સીધી અને સરળ છતાં વેધક છે. બગીચાના પુષ્પો મુક્ત રીતે હવામાં ખીલખીલાતા અને ઝૂમતા હોય છે. બુકેના પુષ્પો શિસ્તબદ્ધ રીતે શાંત બનીને ગોઠવાઈ ગયા હોય છે, એમાં જે બાળકો માટે આ પ્રથમવાર જ શાળાએ જવાનો અવસર હોય છે તેની વેદના તો અસહ્ય હોય છે. આ બાળકનો આકંદ અને વિલાપ જોઈને આસપાસ રહેલા વૃક્ષો પર ક્ષુબ્ધ બની જતા હશે! ખેર, જો કે આ બાબત જીવનના દરેક તબક્કે પીડાકારક હોય છે એટલે કે કોઈ પણ નવી શરુઆત કરીએ ત્યારે આપણે સૌ કોઈ આ તકલીફમાંથી ચોક્કસ પસાર થતા હોઈએ છીએ ! ફરક માત્ર એટલો જ કે મોટા થયા પછી આ રીતે મુક્ત પણે રડવું કે બૂમો પાડવું આપણા માટે સાહજિક બનતું નથી! નાનપણના બગીચાના પુષ્પો શાળાઓ શરુ થતાં જ જે રીતે બુકેમાં ગોઠવાઈ જાય છે તે જ પુષ્પો યુવાન બનતાં બનાવટી પુષ્પો બની જાય છે ! બનાવટી પુષ્પોનો રંગ, આકાર, કદ વગેરે પેલા સાચા ફૂલોની જેવું જ હોય છે પરંતુ, તેમાં નથી અનુભવી શકાતી પેલા બગીચાના પુષ્પની સુવાસ ! કવિશ્રી પ્રહલાદ પારેખ લખે છે :

મારે રંગો છો,
અને આકારો છે,
કલાકારે દીધો, તમ સમીપ આનંદ કણ છે,
અને બાગમાંના કુસુમ થકી લાંબુ જીવન છે.
ઘરોની શોભામાં,
કદી અંબોડામાં,
રહો છો ત્યાં જોઈ ઘડીભર હૈયું હરખતું,
પ્રશંસા કેરાં કદીક વળી વેણો ઊચરતું.
પરંતુ જાણ્યું છે,
કદી વા માર્યું છે,
શશીનું, ભાનુનું ક્ષિતિજ પરથી ભવ્ય ઊગવું,
વસંતે વાયુનું રસિક અડવું આ અનુભવ્યું?
ન જાણો નિંદું છું
પરંતુ પૂછું છું,
તમારા હૈયાનાં ગહન મહીયે આવું વસતું?
દિનાતે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.

શાળા જીવનની શરુઆતે કન્યા કેળવણીનો પણ ઘણો પ્રચાર પ્રસાર થાય છે. આજના યુગમાં મહિલાઓ માટે Sky is the limit એવો અભિગમ હોય તેવી પ્રતીતિ થાય છે. પરંતુ, ખરા અર્થમાં સ્ત્રીઓને થતો અન્યાય હજુ સુધી આપણે પુરેપુરો અટકાવી શક્યા નથી. ''મલાલા' ને આપણે સૌએ બિરદાવી એ વાત ચોક્કસ ઉલ્લેખનીય ગણાય પરંતુ, તેની સફર કેટલી વિકટ અને જીવલેણ રહી તે પણ આપણા સૌએ જાણ્યું છે. ગામડાંઓમાં આજે પણ ભણવા જનાર દીકરી ઘરના કેટલાય કામો પતાવીને જ શાળાએ જઈ શકે છે અને જે દિવસે ઘરમાં કોઈ વ્યક્તિ બિમાર હોય કે કોઈ સારોનરસો પ્રસંગ હોય ભોગ હંમેશા બાળાઓના શિક્ષણનો જ લેવાય છે ! તેને નાનપણથી જ સમાધાન કરતાં અને અનુકૂળ થઈને જીવવાનું શીખવવામાં આવે છે. નાનપણમાં વેઠેલી અને સ્વીકારેલી જવાબદારીઓ આજીવન તે ચૂપચાપ નિભાવ્યા જ કરે છે ! સ્ત્રીઓ પાઈલટ બનીને વિમાન ચલાવે કે પ્રધાનમંત્રી બનીને દેશ પર શાસન કરે કે અન્ય કોઈ ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન થાય તે બાબત માત્રથી સ્ત્રીઓનો સર્વાંગી વિકાસ થઈ ગયો હોવાનું માનવું ભૂલભરેલું છે. મુખ્ય બાબત તો એ છે કે સ્ત્રી પ્રત્યેનું આપણું દૃષ્ટિબિંદુ બદલાયું કે નહિં ! બહાર બધા સામે સ્ત્રી સન્માનની વાતો કરવી અને તેને પ્રમુખ બનાવીને હારતોરા પહેરાવી સુંદર શબ્દોમાં એની પ્રશંસા કરવી એ આજના દંભી સમાજમાં ઘણી સામાન્ય બાબત બની છે ! પરંતુ, આ બધી બાબતોની ભીતરમાં રહેલું સત્ય સાવ કુરુપ છે ! સાચી રીતે તો હજી પણ એની પૂરેપુરી અવગણના થાય છે. હજી પણ એની શક્તિની હાંસી કરવામાં આવે છે. સુંદર શબ્દોથી એની પ્રશંસા કરનારાઓ ખાનગીમાં એની ગંદી મશ્કરી કરી શકે છે. સ્ત્રીના સૌંદર્યની અને એના યૌવનની પૂજા થાય છે, પણ એની પાછળ રહેલા સાચા સ્ત્રીત્વની ક્રુર મશ્કરી કરવામાં આવે છે. હજી પણ સ્ત્રીને ઢોરમાર મારવામાં આવે છે. આપણે રસ્તા પર દારૂ પીને ચકચૂર પતિને પોતાની પત્નીને ઢોર માર મારતો જોયો છે. પણ એથી પણ વધુ કરુણ પરિસ્થિતિ સારા અને સભ્ય ગણાતા સમાજના લોકોના ઘરોમાં સ્ત્રીઓની અવદશાની હોય છે. બહારથી ફોરવર્ડ અને સુધરેલા લાગતા લોકો પણ સ્ત્રીઓ માટે સાવ જ હીનભાવના સેવતા હોય છે.

આજના યુગમાં પુરુષોને પોતાની સાથે હરે ફરે, મોર્ડન અને સ્માર્ટ દેખાય, ભણેલી-ગણેલી અને સ્વનિર્ભર હોય તેવી અને ઘર-પરિવારને સરસ રીતે બેલેન્સ કરે તેવી જીવનસંગીનીની અપેક્ષા હોય છે. પણ જયારે વૈચારિક સ્વાતંત્ર્યની વાત આવે ત્યારે પરિસ્થિતિ સાવ બદલાઈ જતી હોય છે. સ્ત્રીમાં તો પહેલેથી શક્તિનો અખૂટ સ્ત્રોત રહેલો જ હતો, છુપાયેલો હતો. સમયે તેને એક તક આપી છે. પોતાની જાતને વધુ વિકસાવવાની અને ખીલવવાની એક સાચી ગૃહિણી જયાં જાય છે ત્યાં સદાય એની આસપાસ ગૃહ રચાઈ જાય છે એના મસ્તક ઉપર ખુલ્લું આકાશ જ ભલે હોય, પણ જયાં કયાંક એ હશે ત્યાં ઘર હોવાનું જ. તત્ત્વચિંતક ગુણવંત શાહ લખે છે તેમ, ધૃતરાષ્ટ્રને સો જેટલા દીકરા હતા. પરંતુ જો ધૃતરાષ્ટ્ર-ગાંધારીને દીકરીઓ મળી હોત તો કદાચ મહાભારતનું યુદ્ધ ટળી ગયું હોત. યુદ્ધ મૂળે પુરુષ ઘટના છે.'' યુદ્ધની નાબૂદી સ્ત્રીત્વના વિકાસ વિના શક્ય નથી. યુદ્ધની સામે ટકી શકે તેવી એકમાત્ર ઘટના માતૃત્વ છે. ગમે તેટલો વરસાદ પડતો હોય તોય આ પૃથ્વી ઝાકળબિંદુ વિના અધૂરી ગણાય. એ ઝાકળબિંદુનું નામ દીકરી છે. સામાન્ય રીતે સ્ત્રીઓને લાગતું હોય છે કે પતિ ગમે તેવો હોય, ગમે તે કરી તેને સહન કરીને તેને અનુસરવું. પુરુષ પરાક્રમ કરે તો ચોક્કસપણે સ્ત્રીઓનું કર્તવ્ય છે કે તે પુરુષની સાથે જ રહે અને મદદ પણ કરે. પરંતુ, પુરુષ અયોગ્ય વર્તન કે વ્યવહાર કરે તો તેણે ચુપ ન જ રહેવું, તે કોઈ ધર્મ ન જ ગણાય! માં, પત્ની અને બહેનના સ્ત્રીના આ રુપમાં અપારશક્તિ રહેલી છે. આ શક્તિનો ઉપયોગ તેણે પુરુષને બચાવવામાં કરવાનો છે, પુરુષને અયોગ્ય વ્યવહાર કરતા અટકાવવાની ફરજ સ્ત્રીની છે. તેણે સહન કર્યા વિના મજબૂત બનીને અન્યાયનો સામનો કરવાનો છે. જે સ્ત્રી પોતાના પતિ કે ઓફિસમાં તેના ઉપરી અધિકારીના શોષણનો મૂંગો મોઢે અન્યાય સહે છે તે સતી નથી ! મોર્ડન અને ભણેલી ગણેલી તેમ જ અભણ અને ગમાર કોઈ પણ પ્રકારની સ્ત્રીએ અન્યાય સહન કરવાનો નથી જ. તેનો હિંમતભેર સામનો કરીને તેણે પોતાનામાં રહેલી અપારશક્તિનો અહેસાસ સમગ્ર દુનિયાનો કરાવવાનો છે. તો જ કન્યા કેળવણીના આ મિશનનો ખરા અર્થમાં અમલ થયો ગણાશે ! આપણે સૌએ સાથે મળીને એક એવા સુંદર સમાજની રચના કરવાની છે કે જયાં સૌ કોઈ મુક્તપણે પોતાના વિચારો વ્યક્ત કરી શકે અને વ્યક્તિત્વને સંપૂર્ણપણે ખીલવી શકે.

- nehalgadhavi101@gmail.com


# સુંદર જીવન જીવવાની ચાવી પોઝિટિવિટીમાં છે : પોઝિટિવિટીને કેવી રીતે પામી શકાય?




આપણા ત્યાં પોઝિટિવિટીની વાતો બહુ થાય છે, પરંતુ સાચા અર્થમાં પોઝિટિવિટી કોને કહેવાય તેની બહુ ઓછાને ખબર હોય છે.

આપણે વિગતે વાત કરીએ.

પોઝિટિવિટી એટલે હકારાત્મકતા. પોઝિટિવિટી એટલે જીવનની કોઈ પણ સ્થિતિનો સહજ રીતે પ્રેમથી સ્વીકાર કરવો તે. જે પણ સંજોગો આપણા જીવનમાં આવ્યાં છે તે આપણા અને તમામના સારા અને ભલા માટે છે એવું દૃઢતાથી વિચારવું તેનું નામ પોઝિટિવિટી.




જીવનની પ્રત્યેક ક્ષણને આશાવાદી નજરે જોવી અને માણવી એનું નામ પોઝિટિવિટી. પોઝિટિવિટી એટલે સમસ્યાનો વિચાર કરવાને બદલે તેના સમાધાન માટે પ્રયાસ કરવો તે.

કોઈ પણ પ્રકારની શંકા કે આશંકા વિના જે પણ પરિણામ આવશે તે ઉત્તમ જ આવશે તેવી શ્રદ્ધા રાખવી તેનું નામ પોઝિટિવિટી.

પોઝિટિવ વ્યક્તિ હંમેશાં પોતાના મનને તનાવથી દૂર રાખે છે. માઈન્ડને સ્ટ્રેસ ફ્રી રાખવું તેનું નામ પોઝિટિવિટી.

અંધકાર-પ્રકાશ, સુખ-દુઃખ, તડકો-છાંયડો, આરો-અવરોહ આ બધું જીવનનો એક ભાગ હોય છે. પોઝિટિવિટી એટલે જીવનની ઉજળી બાજુઓને જોવી.

જે વ્યક્તિ નકારાત્મકતામાં એટલે કે નેગેટિવિટીમાં પણ હકારાત્મકતા જોઈ શકે તે વ્યક્તિ હકારાત્મક અભિગમ એટલે કે પોઝિટિવ એટિટ્યૂટ ધરાવતી હોય. નબળા કે ખરાબ પણ કંઈક તો સારું હોય જ છે. એ અભિગમ જીવનને ખૂબ મદદ કરે છે.

"પોઝિટિવ ફ્રેમ ઓફ માઈન્ડ" જેનું હોય છે એ વ્યક્તિ કોઈ દિવસ કોઈ પણ સ્થિતિને વ્યક્તિગત કે પર્સનલી લેતી નથી. તમે જોજો નેગેટિવ વ્યક્તિઓ મોટાભાગે દરેક સ્થિતિને પર્સનલી લઈ લે છે.

"પોઝિટિવ ફ્રેમ ઓફ માઈન્ડ" ધરાવતી વ્યક્તિ અત્યારની ક્ષણને માણે છે અને ભવિષ્યની ચિંતા કરતી નથી. પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ મુખ્ય પાક ઉપર જ ધ્યાન આપે છે. નિંદામણની ઉપેક્ષા કરે છે. મુખ્ય ધ્યેયને પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરવો એ એક જાતની પોઝિટિવિટી છે. પોઝિટિવિટીને કારણે વ્યક્તિ હળવીફૂલ રહે છે. તેના મગજ કે હૃદય ઉપર કોઈ ભાર રહેતો નથી. તે વ્યક્તિ પ્રેમ અને આનંદનો અનુભવ કરી શકે છે.

પોઝિટિવિટીનો સૌથી મોટો ફાયદો એ છે કે, નકારાત્મક લાગણીઓ ધીમે ધીમે ઘટે છે અને તેથી વ્યક્તિને કંઈક નવું કરવાની પ્રેરણા મળે છે.

ભારત દેશમાં સંવેદના અને લાગણી કરતાં લાગણીવેડા મોટી માત્રામાં જોવા મળે છે. એમાંથી જ અનેક મૂંઝવણો અને ગૂંચવણો ઊભી થાય છે. પોઝિટિવિટી લાગણીવેડાને ઉકેલી શકે છે. ઈમોશન્સની બિનજરૂરી ગૂંચવણો તમે પોઝિટિવિટીની કાંસકીથી ઉકેલી શકો છો.

પોઝિટિવિટી લાગણીવેડાને સંવેદનામાં પરિવર્તિત કરી શકે છે.

પોઝિટિવ વિચારોને કારણે વ્યક્તિ પોતાનું જાતનું વિશ્લેષણ (સેલ્ફ એનાલિસિસ) તટસ્થ રીતે કરી શકે છે.

પોઝિટિવિટી ધરાવતી વ્યક્તિનો અભિગમ મક્કમ બને છે. તેનામાં દૃઢતા આવે છે. તેનો આત્મવિશ્વાસ વધે છે. તે કહે છે કે, "આઈ કેન". હું આ કરીશ જ. તે કહે છે "ઈટ ઈઝ પોસિબલ". આ શક્ય છે. "આઈ એમ ડુઈંગ માય બેસ્ટ ટુ ઈમ્પ્રુવ માય સેલ્ફ એન્ડ માય લાઈફ". એટલે કે, મારી જાત અને મારી જિંદગીને સંવર્ધિત કરવા હું મારાથી બનતા શ્રેષ્ઠ પ્રયાસો કરીશ.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ નેગેટિવિટીથી ડરતી નથી અને તેનાથી ભાગતી પણ નથી. આ ખૂબ મહત્ત્વની વાત છે. નકારાત્મકતાને આવી વ્યક્તિ હકારાત્મક દૃષ્ટિકોણથી જુએ છે. જિંદગીના વિકટ સંજોગોમાંથી પોઝિટિવ વ્યક્તિ શીખવા જેવું હોય તે શીખી લે છે અને જે છોડવા જેવું હોય તે છોડે છે. ભૂલવા જેવું હોય તે ભૂલી જાય છે. ખરેખર તો આવી વ્યક્તિ નકારાત્મકતાનો ઉપયોગ પોતાની હકારાત્મકતાને વધારે સંગીન બનાવવામાં કરે છે. શીખવાનું હોય એ શીખીને આગળ વધી જવાનું.

પોઝિટિવ અભિગમ ધરાવતી વ્યક્તિ ટીકા-ટિપ્પણ અને નિંદામાં પડતી નથી. એમાં એ સમય બગાડતી જ નથી. લોકોનો મોટાભાગનો સમય બીજાની નિંદા કરવામાં જતો હોય છે. પોઝિટિવ વ્યક્તિ સમજે છે કે, જે સારું છે તે મારું છે. જે સારું છે તે સહિયારું છે. પોઝિટિવ વ્યક્તિ માને છે કે, દરેક વ્યક્તિમાં સારી બાબત હોય જ છે. કોઈ રાક્ષસ હોય, ક્રૂર હત્યારો હોય, ચોર હોય, મવાલી હોય, ગુંડો હોય, ખલનાયક હોય, બળાત્કારી હોય, ભ્રષ્ટાચારી હોય, છળકપટ કરનારો હોય તો પણ તેનામાં કશુંક સારું હોય છે. આ અભિગમ ખૂબ મહત્ત્વનો છે.

જેમ નકારાત્મકતાની અસર પડે છે એ જ રીતે હકારાત્મકતાની પણ અસર પડતી જ હોય છે. નકારાત્મકતા એટલે અસ્વીકાર અને હકારાત્મકતા એટલે સ્વીકાર. હકારાત્મક વ્યક્તિના વિચારો અને વર્તનની અસર ધીમે ધીમે તેની જાત ઉપર, તેના સમગ્ર પરિવાર ઉપર અને આગળ જતાં સમાજ ઉપર પડે છે.

પોઝિટિવિટી મોટી તાકાત છે. પોઝિટિવિટી પ્રચંડ શક્તિ છે.

શ્લોકાર્ધેન પ્રવક્ષ્યામિ યદુક્તં ગ્રંથકોટિભિઃ ।
પરોપકારઃ પુણ્યાયય પાપાય પરપીડનમ્? ॥

(મહાભારત)

જે વાત કરોડો ગ્રંથોમાં કહેલી છે તે હું - વ્યાસ તમને અર્ધા શ્લોકમાં કહી દઉં છું. ''બીજાઓને સુખ પહોંચાડવામાં, એટલે કે પરોપકાર કરવામાં, પુણ્ય છે અને અન્યને પીડાદાયી કર્મ કરવામાં પાપ છે.''

**છાંયડોઃ**

જે વ્યક્તિ નકારાત્મકતામાં પણ હકારાત્મક બાબત શોધી શકે છે તે વ્યક્તિ જીવનમાં ક્યારેય દુઃખી થતી નથી.